RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 78 * Date: 06.01.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# UP-બિહારમાં ઠંડીના કારણે ૧૦ લોકોના મોત



જમ્મુ-કાશ્મીર-હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાના કારણે સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીની અસર વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તર પ્રદેશમાં ઠંડીના કારણે ૮ અને બિહારમાં ૨ લોકોએ જીવ ગુમાવ્યા છે.દેશના ૧૪ રાજયોમાં સતત બીજા દિવસે ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે. શનિવારે દિલ્હીમાં ૯ કલાક સુધી ઝીરો વિઝિબિલિટી નોંધાઈ હતી.છેલ્લા ૨ દિવસમાં અહીં ૮૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી છે. રવિવારે સવારે પણ ૧૧૪ ફ્લાઈટ સમયસર ઉડી શકી ન હતી. એટલે કે ૩ દિવસમાં ૯૦૦થી વધુ ફ્લાઈટને અસર થઈ છે.રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં હાલમાં ઠંડીથી રાહત મળી છે. રવિવારે રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં વરસાદની સંભાવના છે. તેમજ, મધ્યપ્રદેશમાં ૨ દિવસ પછી ઠંડીમાં વધારો થવાની સંભાવના છે. ઘણા જિલ્લાઓમાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.હવામાન વિભાગે કાશ્મીર અને ચિનાબ ઘાટીમાં ભારે હિમવર્ષા થવાની આગાહી કરી છે. તેમજ, હિમાચલ પ્રદેશના ૭ જિલ્લામાં ભારે હિમવર્ષા થવાની સંભાવના છે.હિમાચલ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં વીજળી અને તેજ પવનનું એલર્ટ છે.

દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ, હરિયાણા, પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં ધુમ્મસ રહેશે.હિમાચલમાં તીવ્ર ઠંડી હોવા છતાં, શિમલા જાન્યુઆરીમાં સૌથી ગરમ હિમાચલ પ્રદેશમાં તીવ્ર ઠંડી હોવા છતાં, શિમલા છેલ્લા ૧૯ વર્ષમાં જાન્યુઆરીમાં સૌથી ગરમ રહ્યું. શુક્રવારે અહીં સૌથી વધુ મહત્તમ તાપમાન ૨૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અગાઉ ૨૦૦૬માં સૌથી વધુ મહત્તમ તાપમાન ૨૧.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.હવામાન વિભાગે રવિવારે શિમલા, કિન્નૌર, લાહૌલ અને સ્પીતિ, ચંબા, કાંગડા, કુલ્લુ અને મંડીમાં હિમવર્ષા અને વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ૫ અને ૬ જાન્યુઆરીએ રાજયના ઊંચા પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદ પડી શકે છે. નીચાણવાળા વિસ્તારોમાં ૭ જાન્યુઆરી સુધી વરસાદની શકયતા છે. ૮મી જાન્યુઆરીએ સમગ્ર રાજયમાં હવામાન સ્વચ્છ રહેવાની સંભાવના છે.

# ૩૯ મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ – અવરોહણ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરાયા







૩૯ મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આજે જોમ અને જુસ્સા સાથે રાજયના સૌથી ઉંચા પર્વત ગિરનારને સર કરવા ૧૧૯૩ સ્પર્ધકોએ દોટ મુકી હતી. આ સ્પર્ધામાં સીનીયર બહેનોમાં ૩૮ મીનીટના સમય સાથે ની જાડા રીંકલે મેદાન માર્યું હતુ. સીનીયર ભાઈઓમાં વાઘેલા શૈલેષભાઈએ ૫૯.૧૪ મીનીટના સમય સાથે ગિરનાર સર કર્યો હતો. જુનીયર બહેનોમાં ગજેરા જશુ એ ૩૭.૫૫ મીનીટના સમય સાથે પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતુ. જયારે જુનીયર ભાઈઓમાં સોલંકી અજયકુમારે ૧.૪.૨૦ મીનીટના સમય સાથે પ્રથમ સ્થાને વિજેતા થયો હતો. પવિત્ર ગિરનારની ભુમીમાં સવારે ખુશનુમા વાતાવરણમાં ૬-૪૫ કલાકે ભાઈઓના પ્રથમ ચરણની સ્પર્ધાનો આરંભ ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડિયાએ ફલેગ ઓફ થી પ્રારંભ કરાયો હતો.

આ સ્પર્ધામાં અન્ય વિજેતાઓમાં સિનિયર ગર્લ્સમાં દ્વિતીય ક્રમે આણંદના કંઠેસીયા નીતા, તૃતીય ક્રમે જૂનાગઢના કથુરીયા સાયરા રહ્યા છે. જયારે સિનિયર બોયઝમાં દ્વિતીય ક્રમે ગીરસોમનાથના મેવાડા ધર્મેશકુમાર, તૃતીય ક્રમે ગીરસોમનાથના ચાવડા વીગ્નેશ રહ્યા છે. જયારે જુનિયર ગર્લ્સમાં દ્વિતીય ક્રમે જૂનાગઢના ગરચર દીપાલી, તૃતીય ક્રમે જૂનાગઢના કામરીયા જયશ્રી રહ્યા છે. જયારે જુનિયર બોયઝમાં દ્વિતીય ક્રમે જૂનાગઢના ઝાલા જયરાજસીંહ, અને તૃતીય ક્રમે જૂનાગઢના વાજા દિવ્યેશ રહ્યા હતા.

વિજેતા સ્પર્ધકોને રોકડ રકમ,પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરાયા હતા. મંગલનાથ આશ્રમ ભવનાથ ખાતે યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડિયા, જૂનાગઢ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ કણસાગરા,જૂનાગઢ જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા, પ્રાંત અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલ, ડેપ્યુટી કમિશનર શ્રી ઝાંપડા, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા સહિતના સહિતના પદાધિકારીઓ – અધિકારીઓના હસ્તે રોકડ પુરસ્કાર પ્રમાણપત્ર અને ટ્રોફી આપવામાં આવ્યા હતા. આ તકે અધ્યક્ષીય પ્રવચનમાં ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડિયાએ જણાવ્યું હતું કે, સ્પર્ધામાં ભાગ લઈ અને રમવું એ આપણી ફરજ છે. તેમણે જણાવ્યુ હતુ કે, રમત ગમત ક્ષેત્રે જૂનાગઢ જિલ્લાના યુવાનોનું ભવિષ્ય ઉજ્જવળ બને એ માટે જૂનાગઢના ઝફર મેદાન ખાતે સ્પોર્ટસ સંકુલ વિકસાવવા માટે રાજ્ય સરકારે રૂ. ૧૯ કરોડનું અનુદાન ફાળવ્યુ છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજ્યમાં શરૂ કરવામાં આવેલ ખેલ મહાકુંભનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભના આયોજનને લીધે રમતગમત ક્ષેત્રે યુવાઓની પ્રતીભા નીખરી રહી છે. વધુમાં તેમણે યુવાનોને ખેલ મહાકુંભમાં ભાગ લેવા પણ જરૂરી પ્રોત્સાહન આપ્યું હતું. જૂનાગઢ જિલ્લા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ રાજયભરમાંથી સ્પર્ધામાં ભાગ લેવા આવનાર સ્પર્ધકોની શારીરિક અને માનસિક ક્ષમતાને બિરદાવતા જણાવ્યું હતું કે ખૂબ જ ઓછા સમયમાં વીજળીના વેગે ગિરનાર આરોહણ અવરોહણ એ ખૂબ જ કઠિન છે. તેમણે સ્પર્ધકોનો ઉત્સાહ વધારતા જણાવ્યું હતું કે, સ્પર્ધકો ફક્ત આ ગિરનાર સ્પર્ધા સુધી મર્યાદિત ન રહે પરંતુ રમત ગમત ક્ષેત્રે ઉજ્જવળ કાર્કિદી બનાવી દેશનું નામ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને પ્રોત્સાહન મળે એ માટે કેન્દ્ર રાજય સરકારે વિવિધ યોજનાઓ અમલમા મુકી છે. તેનો લાભ લેવા પણ જણાવ્યું હતું. જૂનાગઢ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ કણસાગરા એ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર રમત ગમત ક્ષેત્રે યુવાનો આગળ વધે એ માટે પ્રોત્સાહન આપી રહી છે, અતિ કઠિન ગણાતી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવો એ જ ગૌરવની વાત છે.સ્પર્ધા દરમિયાન મેડીકલ કોલેજના તબીબો,જિલ્લા વ્યાયામ મંડળના શિક્ષકો, રમતગમત વિભાગના કર્મચારીઓ ઉપરાંત સેવાભાવી સંસ્થાઓ સહયોગી થઈ હતી. જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી એન.ડી.વાળા અને એમની ટીમના સહયોગથી સ્પર્ધાને સફળ બનાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હારૂન વિહળે કર્યુ હતુ.કિશન બહેચા

## જૂનાગઢ માંગનાથ રોડ પર ગેરકાયદેસર ૪ માળના બાંધકામ સામે ફરિયાદ



જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૧૦માં આવેલા માંગનાથ રોડ પર વજુભાઈ મસાલાવાળાની દુકાન નજીક ૪ માળનું નવું બાંધકામ થઈ રહ્યું હોવાની ફરિયાદ ભારતીય જનતા પાર્ટીના અગ્રણી અને પૂર્વ નગરસેવક અનિલ ઉદાણીએ મ્યુનિસિપલ કમિશનરને કરી છે. આ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે આ બાંધકામ એફએસઆઈ નિયમોના ઉલ્લંઘન સાથે થાય છે, જ્યાં ૯ મીટરનો માર્ગ જળવવામાં આવ્યો નથી. ઉપરાંત, ફાયર વિભાગ તરફથી જરૂરી એનઓસી પણ લેવામાં આવી નથી. માંગનાથ રોડનો વિસ્તાર સાંકડો હોવા ઉપરાંત વધુ ગીચતા ધરાવતો હોવાના કારણે આ બાંધકામ તાત્કાલિક અટકાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.-કિશન બહેચા

## અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના જનરલ સેક્રેટરી ની સાંસદ સાથે મુલાકાત

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના સેક્રેટરી જનરલ (ટેકનિકલ) ચિરાગભાઈ શાહ સાથે સુરત,વાપી, નવસારી, વલસાડ, ભરૂચ તથા રાજપીપળાના પ્રતિનિધિઓ અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, ભરૂચ ખાતે સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા સાહેબે શુભેચ્છા



મુલાકાત લીધી. વિજ કંપનીની સાતે કંપની ના વર્ગ ૪ થી ૧ ના આશરે પચાસ હજાર જેટલા કર્મચારીઓ માંથી ફક્ત એક જ યુનિયન માં ૩૦૦૦૦ જેટલા વિશાળ કર્મચારીઓની સભ્ય સંખ્યા ધરાવતા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ નામના ટ્રેડ યુનિયનના દક્ષિણ ઝોનનાં કાર્યકારી અધ્યક્ષ તરીકે મારી નિમણુંક કરવા બદલ સૌનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.-પરેશ પ્રજાપતિ

## તંત્રી લેખ....

# કેતન પારેખ ટાઈગર ગ્લોબલના સોદાઓમાં ફ્રન્ટ-રનિંગ કરતો હોવાનો શેર બજારના ડેટામાં ઘટસ્ફોટ

પીબી ફિનટેકના શેરમાં અમેરિકા સ્થિત ઈન્વેસ્ટમેન્ટ ફર્મ ટાઈગર ગ્લોબલના ફ્રન્ટ-રનિંગ ટ્રેડમાં ઓપરેટરોની રિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો ઘટસ્ફોટ સેબી તપાસમાં થયો છે. સ્ટોક એક્સચેન્જોના ડેટા એ પુષ્ટિ કરી છે કે, સેબીએ માર્કેટ ઓપરેટર કેતન પારેખ અને સિંગાપોર સ્થિત ટ્રેડર રોહિત સાલગાવકર અને અન્ય કંપનીઓ સામે તેના ૨, જાન્યુપઆરીના આદેશમાં બિગ ક્લાયન્ટ તરીકે ઉલ્લેખ કર્યો છે.સ્ટોક એક્સચેન્જના ડેટા દર્શાવે છે કે, તે ટાઈગર ગ્લોબલ અને યુ.એસ. સ્થિત ઈન્વેસ્ટમેન્ટ ફર્મની માલિકીનું ફંડ હતું, જેણે ૧૧, નવેમ્બર ૨૦૨૨ના રોજ પીબી ફિનટેકના શેરો વેચ્યા હતા. સેબીના આદેશમાં પોલિસી બઝારની પેરન્ટ કંપની પીબી ફિનટેકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ આ કંપનીમાં ફ્રન્ટરનિંગ કરીને કથિત ખોટું કરનારાઓ મામલે સેબીએ ફંડ અથવા એન્ટિટીનું નામ જાહેર કર્યું નથી. સેબીએ પણ ફંડને 'બિગ ક્લાયન્ટ' તરીકે ઓળખાવ્યું છે. સલગાંવકર અને અન્યોનું જૂથ સોદા-ટ્રેડ્સમાં ફ્રન્ટ-રનિંગ કરવા ઉપરાંત ટાઈગર ગ્લોબલને પીબી ફિનટેકના શેરો વેચવામાં આવ્યા ત્યારે એ બીજી બાજુ ખરીદીમાં હતા એમ સેબીની તપાસમાં બહાર આવ્યું છે. ફ્રન્ટ-રનિંગ એ મોટા આગામી ઓર્ડર વિશે બિન-જાહેર માહિતીના આધારે વ્યક્તિગત સોદા મૂકવાની ગેરકાયદેસર ગણાતી પ્રથા દર્શાવે છે. જે સુરક્ષિત ભાવ નિર્ધારણને અસર કરે છે. આ પ્રથા ટ્રેડરને મોટા ઓર્ડરો બજારમાં આવે તે પહેલા ખરીદી અને વેચાણ થકી નફો કરવાની તક આપે ચે અને એ બજારમાં મેનીપ્યુલેશન કહેવાય છે.૧૧, નવેમ્બર ૨૦૨૨ના રોજ બિગ ક્લાયન્ટના બે ફંડોએ પીબી ફિનટેક (પોલિસી બઝાર)ના ૫૨.૫ લાખ શેરો વેચ્યા હતા. જેમાં એવું જાણવા મળ્યું હતું કે, જીઆરડી સિક્યુરિટીઝ લિમિટેડ (ફ્રન્ટ-રનર-૧), સાલાસર સ્ટોક બ્રોકિંગ લિમિટેડ (ફ્રન્ટ-રનર-૨) અને અનિરૂધ્ધ દામાણી (ફ્રન્ટ-રનર-૩) દ્વારા ૨૦.૬૧ લાખ શેરો માટે બિગ ક્લાયન્ટ સાથેના તેમના સોદાનો તાળો મળતો આવે છે

# માખીના ભાણા પર મંડરાતી માખીને કોણ ઉડાડતું હશે??

માખીના ભાણા પર મંડરાતી માખીને કોણ ઉડાડતું હશે??
રાજુને અમે અઘરો સવાલ પૂછ્યો

" ગિરધરભાઇ. પહેલાં માણસ કે માખી??" રાજુને સવાલ પૂછવાનો ક્રેઝ કહેવાય. સુથારનું ચિત બાવળિયે તેમ રાજુનું ચિત સવાલે. દેવો અને દાનવોએ જોઈન્ટ વેન્ચરનાં સમુદ્રમંથન કરેલું તેમ રાજુના મગજ વગરના મસ્તિકમાં મસ્તિકમંથન ચાલી રહ્યું હતું.

" રાજુ. પહેલાં મરઘી કે ઈંડું?? આ સવાલના જવાબમાં તારા પ્રશ્નનો જવાબ આવી જાય છે." મે જા બિલાડી મોભમોભનું વલણ અપનાવી સવાલની મિસાઈલ રાજુ તરફ ડાયવર્ટ કરી.

"ગિરધરભાઈ શું માખી સ્થિતપ્રજ્ઞ હોય છે??"રાજુએ આસ્થા ચેનલમાં આવતા કોઈ જિજ્ઞાસુ સાધકની આધ્યાત્મિક શંકાને વાચા આપી.

" રાજુ. આપણે દુર્ગંધ અને સુગંધ વચ્ચે સમતા રાખી શકીએ છીએ?? આપણે સુખ અને દુખને ડાબી-જમણી આંખનો ભેદ કર્યા સિવાય સ્વીકારી શકીએ છીએ? આપણે સુખમાં હરિનામ સ્મરણ કરીએ છીએ?? તારો જવાબ નકારમાં જ હશે. જગતમાં માખી જ એવો આત્મા છે કે મિઠાઇ પર બેસવામાં જે લિજ્જતનો આસ્વાદ લે છે તેવો જ આનંદ મળ કે વિષ્ટા પર બેસીને ચિદાનંદ ઉઠાવે છે. માખી મિઠાઇ કે ફરસાણ વચ્ચે પંક્તિભેદ કરતી નથી. લોટ, વોટ,ઠોઠ કે નોટ વચ્ચે તફાવત કરતી નથી. દુગ્ધાલય કે મધુશાલા તેના માટે સમાન છે. મંદિર કે સ્મશાનની હરખશોક અનુભવતી નથી. નાખી આનંદી કાગડા જેવી છે. માખી મોજીલી મહારાણી છે.માખી ગમે તેના પર બેસી ડાકુ હલાવતા આંગળના બે પગ ઘસીને પદાર્થ પર કશુંક ભભરાવતી હોય છે. સ્લીપવેલના ગાદલા વિના વળગણી દોરી પર આરામથી ઉંઘી જાય છે!!" મે માખીની ખાસિયતો વર્ણવી.

ગિરધરભાઈ. ભગવાન વિષ્ણુએ કાચબા, વરાહ, નરસિંહ ઈત્યાદિ અવતાર ધારણ કર્યા તો માખોવતાર કેમ ન ધારણ કર્યો??" રાજુએ કાર્મિક,માર્મિક અને ધાર્મિક સવાલ પૂછ્યો.

" રાજુ એના વિશે હું કાંઇ ન કહી શકું . અલબત, ભગાવે વૃક્ષોમાં હું પીપળો છું.હાથીમાં ઐરાવત છું. એવું બધું કહ્યું છે, અપિતું, જીવજંતુમાં હું માખી છું એમ કહ્યું નથી. ભગવાન-દેવીઓએ મોર,ગરૂડ, હંસ,ઉંદર,વાઘ,પાડાને આઉટસૉર્સિંગ કે રેગ્યુલર પે મેટ્રિકસમા વ્હીકલ તરીકે હાયર કર્યા છે. શનિએ ઈવન કાગડાને પણ ટુ વ્હીલર તરીકે કિફાયતી રેંટથી હાયર કર્યો છે. માખી બુલેટ ટ્રેન કરતા ઝડપી યાતાયાતનું માધ્યમ છે. છતાં આઈપીએલમાં ઓસ્ટ્રેલિયન ખેલાડી મિશેલ સ્ટ્રાકને ચોવીસ કરોડથી વધુ કિંમત આપી હરરાજીમાં ખરીદ કરાયો છે તેન માખીને તેની અડધી કિંમતે વાહન તરીકે હાયર કરાયો નથી એ સમગ્ર માખી સમાજનું , માદા સમાજનું અપમાન છે માખીઓ બણબણ કરીને ચૂંટણીમાં ભલભલાને ધૂળ ચાટતા કરી દેશે!!" અમે માખી સમાજની અવહેલનાનો વિરોધ કર્યો.

" ગિરધરભાઈ માખી અને ઘરવાળીમાં શું સામ્ય છે??" રાજુએ સનાતન સવાલ કર્યો.

" રાજુ આપણે વર્તમાનપત્રમાં સમાચાર વાંચતા હોઈએ, ટીવી જોતાં હોઈએ કે મનગમતી પ્રવૃતિ કરતા હોઈએ તો માખી છાપા પર, ચશ્માનાં ડાંડલી પર , ગાડીની વિન્ડશીલ્ડ કે ડેશબોર્ડ પર ચોંટી જાય છે. માખીને ઉડાડીએ તો પણ પાછી જીદ કરીને મૂળસ્થાને આવી જાય છે. ટુંકમા આપણને ઈરીટેટ કરે છે. ઘરવાળીનું પણ એવું જ છે. ફોન પર કોઈ છમકછલ્લો સાથે રસીલી, મદીલી, કામી વાતચીત થતી હોય, માત્ર દસ ફૂટ દૂર કોઈ વિશ્વસુંદરી પર આંખના કેમેરાનો લેન્સ ફોકસ કર્યો હોય એ અવસરને ઘરવાળી આફતમાં પલ્ટી નાંખે છે. ટુંકમા માખી અને ઘરવાળીને રંગમાં ભંગ કરવાની આસુરી મજા આવે છે!!" મે રાજુને વણનોતરી આફત વિશે સાદી સમજ આપી.

" ગિરઘરભાઈ. આપણે નવરા હોઈએ તો માખી મારીએ છીએ એમ કહીએ છીએ. માખી મારવી એ સરળ ટાસ્ક છે??" રાજુએ પેટા પૂરક પ્રશ્ન પૂછ્યો.

" રાજુ. ઝેર તો પીધા છે જાણી જાણી એમ કહેવાય છે. બસ, આવું જ માખી મારવાનું છે. માખી મારવી એ રોકેટ સાયન્સ કરતાં કપરૂં કામ છે. માખી મારવી એ કળા અને વિજ્ઞાનનો સમન્વય છે. માખી મારવા માટે જગતની કેઈ સ્કૂલ, કોલેજ , યુનિવર્સિટીમાં ક્યાંય ડિપ્લોમા કે ડીગ્રી કે પીએચડી કોર્સ ચાલતા નથી. ભાષા ભવનમાં ભાષા, મેનેજમેન્ટ ભવનમાં મેનેજમેન્ટ ભણાવવામાં આવે છે, પરંતુ માખીભવનમાં માખીનો મ પણ ભણાવવામાં આવતો નથી. રાજકીય પક્ષોના ચૂંટણી ઢંઢેરામાં માખી મારવાનું વચન વચન કે ગેરંટી આપવામાં આવતી નથી. !!માખી મારવી એ કરતા લોખંડના ચણા ચાવવા સહેલા પડે!! તમે ટ્રાય કરી જજો. પોતું, મસોતું, દુપટા કે છાપાનું ભૂંગળું વાળીને જયાં માખી બેસી હોય ત્રાટક કરવું પડે છે. પહેલો ઘા રાણાનો કરી માખીવઢ ધા કરો એટલે ગર્લફ્ર્ન્ડની માફક બીજે ઉડી જાય છે!!તમારા લક જોર કરતા હોય તો તમે ત્રણ નિયત તકમાં ડિપાર્ટમેન્ટલ એકઝામ ક્લિયર કરી શકો. માખી મારવા બાબતે ખાતરીપૂર્વક કહી ન શકો!! ભતૃહરિ રાણી પિંગળાની બેવફાઈના કારણે સંસાર છોડી ગયા ન હતા. મહેલમાં માખીના ત્રાસના કારણે વનમાં માખીનો ત્રાસ આછો હશે તેમ વિચારીને વનમાં ગયા હતા!! ભગવાન પરશુરામ પણ માખીના ત્રાસથી હેરાન હેરાન થઈ ગયેલા. પૃથ્વીને નમાખી કે માખીમુકત કરવા માખી વિરુધ્ધ માખીસંગ્રામ કરવા કૃતનિશ્ચયી બનેલા. તેમાં વચ્ચે ક્ષત્રિયો આવી ગયા અને ઈતિહાસ બદલાઇ ગયેલ તેમ જાણભેદુઓ કહે છે!!"મેં ઐતિહાસિક તથ્યો પર હેલોઝન પાડ્યો!!

" ગિરધરભાઈ. પ્રથમ ગ્રાસે મક્ષિકા એવી આપણે ત્યા કહેવત છે. પરંતુ, અંતિમ ગ્રાસે મક્ષિકા એવું રહેવાતું નથી. એકમાત્ર માખી જ એવું જંતુ છે તેને આપણે એલચી જેવું સન્માનીય બિરૂદ આપ્યું છે. માખીઓ ફેસિયલ કે આઈ બ્રો કરાવવા કયા બ્યુટી પાર્લરમાં જતી હશે?? માખી હેન્ડવોશ કે લેગવોશ, માઉથ ફ્રેશનરનો ઉપયોગ કરતી હશે?? બેત્રણ બહેનો કોઈની ખોદણી કરતી હોય એ સમયે જેની ખોદણી કરાતી હોય એ પ્રગટ થાય તો 'ચંપાડી તું સો વરસની થવાની. અમે તને યાદ કરતા હતા'એમ કહી યુટર્ન મારે તેમ માખી જગતમાં બનતું હશે??" રાજુનો સંશય વેલિડ અને લોજીકલ હતો!!

"રાજુ. ગોળનું દડબું હોય ત્યાં માખી બણબણે એમ કહીએ છીએ . મધ હોય ત્યા હોય અને હોય જ. માખી મધ ભેગું કરી, આખર ઉકરડે જાય એમ પણ કહેવાય છે.આંકડે મધ અને એ પણ માખી વિનાનું એમ પણ કહેવાય છે. ઈટાલીમાં કહેવત છે કે મોટી માખી જાળું ભેદી નાખે.આંધળી નકલ માટે કોપી ટુ કોપી અને મખ્ખી ટુ મખ્ખી કહેવાય છે!! ચાના સંસ્કૃતમાં એમ પણ કહેવાયું છે કે ??????? ???????????? ??? ??????? ? ??????'અર્થાત્ સાધારણ માખી સડેલા ઘાવ પર બેસે છે પણ મધમાખી માત્ર મધ જ ગ્રહણ કરે છે!! માખીઓ મગરના આંસુ પીવે છે, કારણ કે તેમાં પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને મિનરલ્સ હોય છે. માખી મારવા તલવાર વાપરવી એ શાણા માણસનું લક્ષણ નથી !" મેં રાજુને માખીપુરાણ વર્ણવ્યું.

" ગિરધરભાઇ પુરાણોમાં ભ્રામરી દેવીનું વર્ણન આવે છે તે માખીને મળતું આવે છે. માણસ ચંદ્ર મંગળ પર ચડાઈ કરે છે.રોબોટ-આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ બનાવે છે. પરમાણુ બોમ્બ બનાવે છે. પરંતુ, મચ્છર , માંકડ વંદા, માખીનો ખાત્મો બોલાવી શકતો નથી. લાખો પ્રયત્નો કે બાવજૂદ માખી અંધરે કી માફક કાયમ રહેગી!!" રાજુએ માણસોની નિષ્ફળતા બ્યાન કરી.

" રાજુ. આપણે ક્યાંક જતા હોઈએ અને બિલાડી આડી ઉતરે તો અપશુકન થાય તેમ લોકો માને છે. બિલાડીની
આડે બિલાડી ઉતરે તો કંઇ બિલાડીને અપશુકન થાય તે સવાલ નિરુત્તર છે. આ જ વાત આગળ ધપાવીએ તો આપણને આપણા ભાણા-થાળીની માખી ઉડાડવાની હિદાયત દેવામાં આવે છે. માખીના ભાણા પર મંડરાતી માખીને કોણ ઉડાડતું હશે ???" મેં રાજુને અઘરો સવાલ પૂછ્યો.
તમે માનશો?? રાજુ માથું ધુણાવતો માખીની જેમ ઉડીને વળગણીએ ટીંગાઇ ગયો!!
ભરત વૈષ્ણવ

# પુરીમાં જગન્નાથ મંદિર પર જોવા મળ્યું શંકાસ્પદ ડ્રોન, પોલીસ તંત્ર થયું દોડતું

રવિવારની વહેલી સવારે પુરીમાં સ્થિત પ્રસિદ્ધ જગન્નાથ મંદિરની ઉપર ડ્રોન જોવા મળ્યા બાદ હડકંપ મચી ગયો હતો. વહેલી સવારે ૪:૧૦ વાગ્યે મંદિર ઉપર ડ્રોન જોવા મળ્યું હતું, જે લગભગ અડધો કલાક સુધી મંદિર પર રહ્યું હતું. જેનાથી મંદિરની સુરક્ષાને લઈને ગંભીર સવાલ ઊભા થયા છે. નોંધનીય છે કે, જગન્નાથ મંદિર અને તેની આસપાસનો વિસ્તાર નો-ફલાઈંગ ઝોન છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ઘટનાની તપાસ માટે અલગ-અલગ ટીમ બનાવવામાં આવી છે. મળતી માહિતી મુજબ, રવિવારે મંગળા આરતી અનુષ્ઠાન દરમિયાન શ્રીમંદિરની ઉપરથી ડ્રોન જોવા મળ્યું હતું. ડ્રોન શ્રીમંદિરના નીલચક્ર અને ધાદિનૌતીની ઉપર જોવા મળ્યું હતું.ઓડિશાના કાયદા મંત્રી પૃથ્વીરાજ હરિચંદનની ઘટના પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું, 'મંદિરનીસ ઉપર ડ્રોન ઉડાડવા ગેરકાયદેસર છે, આ બિલકુલ સ્વીકાર્ય નથી. સુરક્ષા ભંગ કરનાર વ્યક્તિની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. પુરી એસીએ ટીમનું ગઠન કરી ઘટનાની તપાસ કરવાનું શરૂ કરી દીધું છે. આશા છે કે, સંબંધિત વ્યક્તિની જલ્દી ઓળખ કરી ડ્રોન જપ્ત કરવામાં



આવશે. 'વધુમા હરિચંદને જણાવ્યું કે, આ સિવાય ભવિષ્યમાં આવી ઘટના ન બને, તેના માટે સરકાર મંદિર પરિસરમાં ચારે બાજુ સ્થિત વૉચ ટાવર્સ પર ચોવીસ કલાક પોલીસ કર્મી તૈનાત કરવા પર વિચાર કરી રહી છે. માનવામાં આવી રહ્યું છે કે, કોઈ વ્લૉગરે આ ડ્રોન ઉડાડ્યું હોય શકે. હાલ, પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં રેપિડો સેવા પર ૩૦ દિવસનો પ્રતિબંધ, આરટીઓએ આપ્યો આદેશ

અમદાવાદમાં ૧ જાન્યુઆરીથી તમામ રિક્ષાઓમાં ફરજિયાત મીટરનો કાયદો લાગુ કરાયો. આ પછી રિક્ષા ચાલકોની અનેક રજૂઆતો બાદ શહેરમાં રેપિડો અને ઉબેર સામે આરટીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં અમદાવાદ આરટીઓ દ્વારા જોગવાઈના ભંગ બદલ રેપિડોને ૩૦ દિવસ સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. જ્યારે ઉબેરને ૧૫ દિવસમાં ટુ વ્હીલર વાહનોના ઉપયોગ બંધ કરવાની બાંહેધરી આપવા કહ્યું. શહેરમાં રિક્ષા એસોસિએશને ખાનગી એગ્રીગેટર કંપનીઓના નોન ટ્રાન્સપોર્ટ ટુ વ્હીલર બાબતે અનેક રજૂઆતો કરી હતી. જેને ધ્યાનમાં રાખીને





અમદાવાદ આરટીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી.

અમદાવાદ શહેરમાં રેપિડો, ઉબેર સહિતના ઓનલાઈન એપના માધ્યમથી લોકો પરિવહન કરતા થયા છે. આ દરમિયાન રિક્ષા ચાલકોએ આરટીઓમાં રેપિડો અને ઉબેર જેવી ઓનલાઈન સેવાને લઈને અનેક રજૂઆતો કરી હતી. શહેરમાં સફેદ નંબર પ્લેટના વાહનોનો ઉપયોગ કરવાની સાથે એગ્રીગેટરની જોગવાઈનો ભંગ કરવા બદલ રેપિડો અને ઉબેર સામે આરટીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.અમદાવાદ આરટીઓ જે.જે પટેલે જણાવ્યું હતું કે, 'અમદાવાદ આરટીઓ દ્વારા રેપિડોને ફક્ત થ્રી વ્હીલર ઓટો રિક્ષાના એગ્રીગેટર લાયસન્સ ઈશ્યૂ કર્યા હતા, પરંતુ રેપિડોએ ઓનલાઈન એપથી નોન ટ્રાન્સપોર્ટ વાહનોનો ઉપયોગ કર્યો અને એગ્રીગેટર આપેલા વાહનોના દસ્તાવેજોની વેલિડિટી પૂરી થવા છતા પેસેન્જરોની સલામતી સાથે ચેડા કરીને જોગવાઈનો ભંગ કર્યો હતો. જેથી રેડિપોની સેવા ૩૦ દિવસ માટે સસ્પેન્ડનો નિર્ણય કર્યો. આ દરમિયાન જો રેપિડો દ્વારા નિયમ ભંગ કરાશે તો કાયદેસરની કાર્યવાહી કરાશે.'

જ્યારે ઉબેરની ઓટો રિક્ષા, ફોર વ્હીલર અને ટુ વ્હીલરના દસ્તાવેજની વેલિડિટી પૂરી થઈ હોવા છતા પેસેન્જરની સલામતી સાથે ચેડા કર્યો હોવાનું સામે આવ્યું હતું. જેમાં ઉબેરે ફક્ત થ્રી વ્હીલર અને ફોર વ્હીલરના એગ્રીગેટર લાયસન્સ ઈશ્યૂ થવાની સામે નોન ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કર્યો. જેથી નિયમના ભંગ બદલ ૧૫ દિવસ માટે ટુ વ્હીલર વાહનોના ઉપયોગ બંધ કરવાને લઈને બાંહેધરી આપવા જણાવ્યું.

# શાળામાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધની વિચારણા

મોબાઈલનું વળગણ નાની ઉંમરના બાળકોને વધતું જાય છે અને તેનું પરીણામ ચોંકાવનારું આવે છે. ત્યારે સુરતમાં વિદ્યાર્થિનીના આપઘાતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં માતાએ



મોબાઈલ ફોન આપવાનો ઈન્કાર કરતા નારાજ થઈને ધોરણ આઠમાં અભ્યાસ પુત્રીએ ગળાફાંસો ખાધો હતો. આ ઘટનાને લઈને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા દુઃખ વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત તેમણે શાળામાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધની વિચારણા અંગે જણાવ્યું હતું.

સુરતમાં ધોરણ ૮ અભ્યાસ વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ આપઘાતની ઘટનાને લઈને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'રાજ્ય શિક્ષણ વિભાગ પણ આ બાબતે ચિંતન કરી રહ્યું છે. રાજ્યની તમામ શાળામાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ લાવવા અંગે વિચારણા કરાઈ રહી છે. બાળકોની સાથે વાલીઓએ અને શિક્ષકોએ કોઈ પણ કડક અમલ કરવો પડશે.

# ચીનમાં ફેલાઈ રહેલા HMPV વાયરસ મુદ્દે ભારતની WHO સમક્ષ માગણી

ચીનમાં શ્વાસની બીમારીઓ સતત વધવાના મામલે ભારતની ચિંતા વધારી દીધી છે. કોરોના બાદ ચીનમાં પેદા થયેલી આ બીમારી પર હવે ભારત પહેલાં કરતાં વધારે સતર્ક છે. ભારતે WHO થી ચીનની સ્થિતિ વિશે સમયાંતરે જાણકારી શેર કરવા વિશે કહેવામાં આવ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, શનિવારે સ્વાસ્થ્ય સેવાઓ ડીજીની અધ્યક્ષતામાં એક જોઇન્ટ મોનિટરિંગ ગ્રુપની બેઠક કરવામાં આવી હતી. જેમાં ચીનની લેટેસ્ટ સ્થિતિને સમજવા અને તેની સામે તૈયારીની જરૂર પર ચર્ચા કરવામાં આવી.આ મિટિંગમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, ઈન્ટીગ્રેટેડ ડિઝિઝ સર્વિલન્સ પ્રોગ્રામ, નેશનલ સેન્ટર ફોર ડિઝિઝ કંટ્રોલ, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ અને એમ્સ સહિત અનેક હોસ્પિટલના એક્સપર્ટ સામેલ હતાં. નિષ્ણાંતોએ આ વિશે સમંતિ આપી કે, હાજર ફ્લૂની સિઝનને જોતા શ્વાસ સંબંધિત બીમારીના કેસ વધવા સામાન્ય નથી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે, તેના કારણે ઈન્ફ્લુએન્ઝા વાઈરસ, આરએસવી અને એચએમપીવી થઈ શકે છે. જે આ સિઝનમાં ખૂબ જ ઝડપથી ફેલાય છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, ભારત સહિત આખી દુનિયામાં આ વખતે આવા વાયરલ સંક્રમણ ફેલાઈ રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, સરકાર તમામ માધ્યમોથી સ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને WHO ને ચીનની સ્થિતિ પર સમયાંતરે જાણકારી શેર કરવાનું કહેવામાં આવ્યું છે.

સ્વાસ્થ્ય સેવાઓના ડીજી અતુલ ગોયલે કહ્યું કે, ચીનમાં એચએમપીવીના અચાનક ફેલાવવાથી હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધી છે. આવા કેસને ગંભીર જણાવવામાં આવી રહ્યા છે. એચએમપીવી એક સામાન્ય શ્વસન સંબંધિત વાઈરસ છે. જેનાથી શરદી જેવી સમસ્યા થાય છે. બાળકો અને વડીલોમાં વિશેષ રૂપે આ ફલૂ જેવા લક્ષણ જોઈ શકાય છે. પરંતુ, આ સ્થિતિ ગંભીર નથી અને હજુ સુધી ચિંતાજનક કોઈ વાત સામે આવી નથી. આવી સ્થિતિનો સામાનો કરવા આપણી હોસ્પિટલ સંપૂર્ણ સજ્જ છે. અમારી પાસે પર્યાપ્ત માત્રામાં બેડ અને ઓક્સિજન સપ્લાઈ છે. હાલ, દેશમાં સ્વાસ્થ્ય સંબંધિત સંક્રમણના મામલે કોઈ ખાસ વધારો નથી નોંધાયો.

# સુરતમાં વિદ્યાર્થિનીએ કર્યો આપઘાત, માતાએ ફોન ન આપતા અંતિમ પગલું ભર્યાનો દાવો

સુરતમાં વધુ એક આપઘાતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માતા-પિતાએ મોબાઈલ વારંવાર જોવાની ના પાડી ઠપકો આપતા લાગી આવતા ધોરણ ૮ અભ્યાસ વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, શહેરના પાંડેસરા વિસ્તારમાં આવીર ભાવ સોસાયટીમાં રહેતા નિશા પરિવારની ધોરણ ૮માં અભ્યાસ કરતી દીકરી છેલ્લા લાંબા સમયથી મોબાઈલની લતે ચડી હતી. મોબાઈલ વગર કોઈપણ કામ કરતી ન હતી. જેને લઈને માતા-પિતાએ ઠપકો આપ્યા બાદ તેની પાસેથી મોબાઈલ છીનવી લીધો હતો અને મોબાઈલ નહીં ચલાવવા બાબતે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

મોબાઈલ નહીં ચલાવવા બાબતે લાગી આવતા દીકરીએ માતા-પિતાની ગેરહાજરીમાં




આવેશમાં આવી જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ ઘટનાની જાણ થતા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ આપઘાતની ઘટનાને લઈને રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'રાજ્ય શિક્ષણ વિભાગ પણ આ બાબતે ચિંતન કરી રહ્યું છે.

# ડાંગ જિલ્લા આર. ટી. ઓ કચેરીએ વઘઈ બોટાનિકલ ગાર્ડન ખાતે વહાન ચાલકોને માર્ગ સલામતી અંગે જાગૃત કર્યા



:આહવા:

માર્ગ સલામતી માસ - ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ આર.ટી.ઓ કચેરી ડાંગના સહાયક મોટર વાહન નિરીક્ષક શ્રી એચ.એમ.વસાવા દ્વારા વઘઈ બોટાનિકલ ગાર્ડન ખાતે વાહન ચાલકોને માર્ગ સલામતી વિશે જાણકારી આપી ટ્રાફિક નિયમન વિશે માહિતગાર કર્યા હતાં.

આ સાથે જ ગુડ સમરિટન સ્કીમ તેમજ હિટ એન્ડ રન સ્કીમ વિષય પર વાહન ચાલકોને વિસ્તાર પૂર્વક જાણકારી આપી, માર્ગ સલામતી ના પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવાય તે માટે આર. ટી. ઓ કચેરી તેમજ પોલીસ અને શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ જગ્યાએ જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાને ટ્રાફિક નિયમનનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જી એન સ્કૂલ ઓફ સાયન્સ, નવી રખિયાલ, ડાકોર માં બે દિવસીય વાર્ષિક રમતોત્સવ નું આયોજન કરવામાં આવ્યું

રમત એ બાળકના જીવન નો મહત્વનો એક ભાગ છે. તેના થકી તેમની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય છે. એ હેતુને ધ્યાનમાં રાખીને અમારી શાળા જી એન સ્કૂલ ઓફ સાયન્સ, નવી રખિયાલ દ્વારા તારીખ ૦૩/૦૧/૨૫ને શુક્રવારના રોજ શાળાના સંચાલક શ્રી જીગર સર તથા મેહુલ સરના સહકારથી વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. સૌપ્રથમ તો સવારે ૮:૦૦ કલાકે બધા જ વિદ્યાર્થીઓ શાળામાં એકત્ર થયા. ત્યારબાદ અમે દરરોજની જેમ પ્રાર્થના કરી અને વિદ્યાર્થીઓને રમતમાં કોઈને હાની ન પહોંચે તથા શિસ્ત બંધ રીતે રમતો રમે તેવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી ત્યાર બાદ મશાલ પ્રગટાવી ને રમતોત્સવને ખુલ્લો મૂકવામાં આવ્યો. બધા જ વિદ્યાર્થીઓ શાળાના મેદાનમાં પહોંચ્યા અને ધોરણ ૧ થી ૧૨ ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી



માધ્યમના વિદ્યાર્થીઓ માટે અમે જુદી જુદી રમતોનો આયોજન કર્યું હતું જેમાં બોલ થ્રો, કોથળાદોડ,૧૦૦ મીટર દોડ, લંગડી દોડ, સંગીત ખુરશી, બુક બેલેન્સ, ફોકસ પીક અપ, લાંબી કુદ, સ્નેકરેસ, ચોકલેટ જમ્પ, લીંબુ ચમચી, ખો-ખો વગેરે જેવી વિવિધ રમતોનો સમાવેશ હતો. દરેક ધોરણના વિદ્યાર્થીઓએ રમતોત્સવ માં ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો. વિદ્યાર્થીઓએ ખૂબ જ આનંદ અને મજા કરી. રમતોમાં શાળાના સંચાલક શ્રી જીગર સર તથા મેહુલ સરે પણ સહભાગી થઈને બાળકોનો ઉત્સાહ વધાર્યો. શાળાના શિક્ષકો પણ બાળકો સાથે ખૂબ જ ઉત્સાહથી રમ્યા. તારીખ ૪/૦૧/૨૫ને શનિવારના રોજ બધી જ રમતો પૂર્ણ થયા બાદ જે જે વિદ્યાર્થીઓ એ રમતોત્સવમાં સારું પ્રદર્શન કર્યું હતું તેવા વિદ્યાર્થીઓને સંચાલક શ્રી ઓ દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું. આમ આ બે દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકો એ રમતોત્સવનો ખૂબ જ આનંદ લીધો.

### ગાંધીનગર ખાતે વૈશ્વિક કક્ષાના 'આંજણા ધામ'નો શિલાન્યાસ સમારોહ સંપન્ન

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શિલાન્યાસ સમારોહ યોજાયો



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ આજે આંજણાધામનો શિલાન્યાસ કર્યો હતો. અમદાવાદ-મહેસાણા હાઈવે પર, કલોલ નજીક, જમિયતપુરા ગામ પાસે ?૩૦૦ કરોડના ખર્ચે આકાર લેનારા ભવ્ય આંજણાધામના શિલાન્યાસ અવસરે મહાનુભાવોએ દાનવીર-દાતાઓનું સન્માન પણ કર્યું હતું.આ પ્રસંગે શિકારપૂરા આશ્રમ રાજસ્થાનના સંરક્ષક શ્રી શ્રી ૧૦૦૮ મહંત શ્રી દયારામજી મહારાજે આશીર્વચન આપ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સંતો અને મહાનુભાવોના હસ્તે સોનાની શીલા-ઈંટનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન- મંત્રોચ્ચાર કરીને આંજણા ધામ ભવનનો શિલાન્યાસ કર્યો હતો.

વિશ્વ આંજણા ફાઉન્ડેશન અને આંજણાધામ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામનારા આંજણાધામના શિલાન્યાસ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આંજણાધામ માત્ર વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાન આપવાનું કે સમાજના યુવાનોને આઈ.એ.એસ.-આઈ.પી.એસ. બનાવવાનું કેન્દ્ર માત્ર ન બને, આંજણાધામ એવા સંસ્કારવાન માનવ નિર્માણ માટેનું મિશન બને જે સમાજનું, માતા-પિતાનું અને રાષ્ટ્રનું ગૌરવ વધારે. આંજણા-ચૌધરી સમાજ રાષ્ટ્રભક્ત સમાજ છે. આંજણા યુવાનો ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારત અભિયાનમાં સહયોગ આપે.

એ જ દેશ અને સમાજ ઉન્નતિ કરે છે જ્યાં મહિલાઓનું પણ પુરુષો જેટલું જ યોગદાન હોય છે, એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આંજણા સમાજ બહેન-દીકરીઓના શિક્ષણ અને વિકાસ માટે વિશેષ ધ્યાન આપે. જે પોતાના સંતાનોને શિક્ષણ અને સંસ્કાર આપશે, વ્યસનોથી મુક્ત રાખશે એ જ સમાજ પ્રગતિ કરશે.

આંજણાધામ માટે દાન આપનાર સમાજના દાનવીર આગેવાનોનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માન કરાયું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વયં પણ રૂપિયા પાંચ લાખના દાનની ઘોષણા કરી હતી અને કહ્યું હતું કે, પરિશ્રમ અને મહેનતનો પૈસો પવિત્ર હોય છે. દાતાઓએ પોતાના પવિત્ર ધનનો સદુપયોગ કર્યો છે. તેમણે 'કર્મ-ફળ વ્યવસ્થા'નું ઉદાહરણ આપતાં સમજાવ્યું હતું કે, દાન એ આગામી જન્મ માટે અત્યારે જ કરેલી આર.ટી.જી.એસ. વ્યવસ્થા છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજશક્તિને રાષ્ટ્રનિર્માણમાં જોડવાની આપેલી પ્રેરણાને અનુસરીને આંજણા ચૌધરી સમાજ એક ભવ્ય આંજણાધામનું નિર્માણ કરી રહ્યો છે.સમાજની ભાવિ પેઢીના ઉમદા ઘડતરના આ સેવા કાર્યમાં સહભાગી થવાની મને મળેલી તક એ મારું સૌભાગ્ય છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ શિલાન્યાસ કે ભૂમિ પૂજન કોઈ સંકુલના નિર્માણની આધાર શીલા માત્ર નથી, પરંતુ સમૃદ્ધ અને શક્તિશાળી સમાજના ઘડતરની આગવી દિશા છે.આદરણીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબે સૌને સાથે રાખીને ચાલવાનો, સૌના સાથ, સૌના વિકાસનો મંત્ર આપ્યો છે.આંજણા સમાજ અને વિશ્વ આંજણા ફાઉન્ડેશને આ મંત્રને કાર્યમંત્ર બનાવ્યો છે તે અભિનંદનને પાત્ર છે.સમાજના યુવાઓને ઉચ્ચ શિક્ષણ, કારકીર્દી ઘડતર અને રમત-ગમત સહિતના સર્વાંગી ક્ષેત્રોમાં ખિલવાની પૂરતી તક આપવાનું આ આંજણા ધામ સંકુલ માધ્યમ બનશે.

આશરે ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા આ સંકુલમાં યુવાનો માટે વર્ગોની વ્યવસ્થા, હોસ્ટેલની સુવિધા ઉપરાંત સ્વાસ્થ્ય અને વ્યસનમુક્તિ જેવી પ્રવૃત્તિઓ માટેના કેન્દ્ર પણ બનવાના છે તે યુવાશક્તિને સદાચાર-સદમાર્ગે લઈ જવાનું દિશાદર્શન કરશે,એમ મુખ્યમંત્રીશ્રી જણાવ્યું હતું.

તેમણે સંકુલના નિર્માણ માટે માતબર રકમનું દાન આપનારા દાતાશ્રીઓ, વિશ્વ આંજણા ફાઉન્ડેશન તથા આંજણાધામ ટ્રસ્ટને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી આંજણા ચૌધરી સમાજની વિશેષતા અંગે શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, આંજણા ચૌધરી સમાજ તો અર્બુદા માતાના વંશજો છે અને સમાજશક્તિનો પરિચય સમાજે દેશવિદેશમાં પણ આપ્યો છે.ગ્રામ-સંસ્કૃતિ, કૃષિ, દૂધ ઉત્પાદન અને પશુપાલન ક્ષેત્રે પરસેવો પાડી સિદ્ધિના શિખરો સર કરનારો આ પુરૂષાર્થી સમાજ છે.આવી સમાજશક્તિને સરકારનું પ્રોત્સાહન અને સૌનો સહકાર મળે તો વિકાસ બમણો થાય છે.સમાજ અને સરકાર સાથે મળીને કામ કેરે તો કેવી ઉન્નતિ થાય તેનું જીવંત ઉદાહરણ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સર્વગ્રાહી વિકાસથી પૂરું પાડ્યું છે. સ્વાસ્થ્ય, વેપાર, ઉદ્યોગ અને શિક્ષણ સહિત તમામ ક્ષેત્રે આંજણા સમાજે સફળતા મેળવી છે.

સમાજની દીકરીઓને ઉચ્ચ શિક્ષિત બનાવીને આંજણા ચૌધરી સમાજે શિક્ષણ ક્ષેત્રે આગવી કેડી કંડારી એમ જણાવી મુખ્યમંત્રીશ્રી એ કહ્યું હતું કે, આઇ.એ.એસ, આઇ.પી.એસ, જેવી ઉચ્ચ પદની નોકરીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તાલીમ અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પણ આ સમાજ પૂરી પાડે છે. આ સમાજની મહેનતના પ્રતાપે ઉત્તર ગુજરાતની ભૂમિ દૂધ અને ઘીથી મહેંકતી ધરતી બની છે. પશુપાલકો-કિસાનોની મહેનત અને પરસેવાથી સિંચાયેલી એશિયાની સૌથી મોટી ડેરી – બનાસ ડેરી ઉત્તર ગુજરાતની શાન છે અને આંજણા ચૌધરી સમાજના પરિશ્રમનો પરિપાક છે.

તેમણે યુવાઓને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાશક્તિના સામર્થ્યથી રાષ્ટ્રનિર્માણનો ધ્યેય રાખ્યો છે.આંજણા ચૌધરી સમાજના યુવાનો પણ વડાપ્રધાનશ્રીના આહવાનમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રસેવાનાં કાર્યોમાં વધુને વધુ સક્રિય બને તે આપણે સુનિશ્ચિત કરવાનું છે.આંજણાધામ યુવાનોને સુસજ્જ બનાવવા સાથે તેમનામાં દેશપ્રેમના સંસ્કારોનું સિંચન કરવાનું મહત્વનું કેન્દ્ર બનશે,એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈનાં પદચિન્હો પર ચાલીને જ દરેક સમાજને સાથે રાખી, દરેક સમાજને સમાન અવસરો પૂરા પાડીને, દરેક સમાજની સર્વાંગી વિકાસયાત્રાને આગળ વધારવા આપણે પ્રતિબદ્ધ છીએ. વિકસિત ભારત જ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનથી કરવું છે.એ માટે સરકાર, સમાજ અને આપણે સૌ સાથે મળીને સેવારત રહીએ અને યુવાશક્તિ, માતા બહેનોની શક્તિ સાથે રાષ્ટ્રને અને રાજ્યને પ્રગતિમય બનાવીએ.

આંજણાધામના દાતા શ્રી અને વિધાનસભા અધ્યક્ષ

આભાર - નિહારીકા રવિયા શ્રી શંકરભાઈ ચૌધરીએ સંબોધતા જણાવ્યું હતું, આંજણાધામનો શિલાન્યાસ એ ચૌધરી સમાજ માટે ઐતિહાસિક અવસર છે.તેમણે દાનનો મહિમા સમજાવતા કહ્યું કે, જે સમાજ દાતાઓનું સન્માન કરે છે તે રાષ્ટ્ર આગવી પ્રતિષ્ઠા અને સમૃદ્ધિ મેળવે છે. જેથી આ આંજણા ધામ માટે દાન આપનાર સર્વેને અભિનંદન, વંદન.

આ બિન રાજકીય સંસ્થાનમાં સમાજ નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણ થશે એવી આશા વ્યક્ત કરતા

તેમણે કહ્યું કે,૧૧ રૂપિયાનું દાન પણ ૧૧ કરોડ કરોડ બરાબર છે.આ ભવનના નિર્માણમાં તમામનો નાનો પણ ફાળો છે તેવો ભાવ થવો જોઈએ. ચૌધરીએ કહ્યું કે, ગર્ભ સંસ્કાર થકી આપણે તેજસ્વી અને સંસ્કારી બાળક-પેઢીનું સર્જન કરી શકીએ છીએ. આપણે સૌએ એક થ?ઈને આ આંજણાધામના વિકાસમાં સહભાગી થ?ઇએ તેવું શ્રી ચૌધરીએ સમાજના આગેવાનો-યુવાનોને આહ્વાન કર્યું હતું.

આંજણાધામ પ્રમુખ અને મુખ્ય દાતા શ્રી મણીભાઈ ચૌધરીએ કહ્યું હતું કે,ભગવાને મને આ દાન માટે સક્ષમ બનાવ્યો અને સમાજે આ દાન સ્વીકાર્યું તે બદલ હું સમાજનો આભારી છું. તેમણે આ પ્રસંગે સૌને આ સંસ્થામાં જોડાઈને સમાજ હિતમાં વધુમાં વધુ દાન આપવા આહવાન કર્યું હતું. શ્રી મણિભાઈએ આંજણા ધામ માટે રૂ.૫૧ કરોડનું દાન આપ્યું છે.

દાતા શ્રી દિલીપભાઈ શંકરભાઈ ચૌધરી, શ્રી રમણભાઈ ચૌધરી અને શ્રી કનુભાઈ ચૌધરીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આંજણા ધામના મહામંત્રી શ્રી અમિતભાઈ ચૌધરીએ આંજણા ધામના મુખ્ય દાતાશ્રીઓનો પરિચય કરાવી સમાજ હિતમાં દાન આપવા બદલ સર્વે દાતાશ્રીઓનો આભાર માન્યો હતો. સમાજ-રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસના ઉમદા હેતુથી જમિયતપુરા-ગાંધીનગરમાં વૈશ્વિક કક્ષાના 'આંજણા ધામ'ના શિલાન્યાસ સમારોહમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓ તેમજ રાજસ્થાન અને મધ્યપ્રદેશ તેમજ યુ.એસ.એ./કેનેડા સહિત વિવિધ દેશોમાંથી પણ આંજણા ચૌધરી સમાજના દાતાશ્રીઓ, આંજણા ધામના ટ્રસ્ટીશ્રીઓ, આગેવાન ભાઈ-બહેનો, કાર્યકરો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.

# થામણા સિનિયર સિટીઝન ફોરમ દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



ઉમરેઠ તાલુકાના થામણા ગામમાં સિનિયર સિટીઝન ફોરમ દ્વારા ગામમાં ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ નુ આયોજન કરવામાં આવ્યું હતું.જેમા સ્કૂલ ના વિધાર્થીઓ યુવાનો તથા સિનિયર સિટીઝનો ની ટીમ વચ્ચે ટેનિસ બોલ થી ક્રિકેટ મેચ રમડાવામા આવી હતી.ગામના રમતગમત પ્રેમી યુવાનો સંપ સહકાર ની ભાવના થી ક્રિકેટ સાથે રહી રમે તે હેતુથી સિનિયર સિટીઝન ફોરમના પ્રમુખ જગદીશ પટેલ પ્રોજેક્ટ ચેરમેન ગની.આર.વહોરા ના નેતૃત્વ હેઠળ સફળ ટુર્નામેન્ટ નુ આયોજન કરવામાં આવ્યું હતું.જેની ફાઈનલ મેચ ટી.સી.સી નં.૧ તથા એ.ટુ.ઝેડ ટીમ વચ્ચે રમાઇ હતી જેમાં ટી.સી.સી ટીમ વિજેતા બનતા સુરતના માજી ડેપ્યુટી મેયર નવલભાઈ પટેલ ના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી જ્યારે રનર્સ અપ વિજેતા એ.ટુ.ઝેડ ના કેપ્ટનને યુવા એન.આર.આઇ નિશાંત ભરતભાઈ પટેલ ના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.મેન ઓફ ધ મેચ મિનેષ પટેલ ને હેમેન્દ્ર પટેલ ના હસ્તે જ્યારે મેન ઓફ ધ સિરીઝ સંજય બોમ્બે તથા મિનેષ પટેલ ને સંયુક્ત રુપે ટોફી હસમુખ પટેલ ના હસ્તે આપવામાં આવી હતી.આ પ્રસંગે ઉપસ્થિત યુવા એન.આર.આઇ ઉપલ ચંદ્રેશભાઈ પટેલે દરેક ખેલાડીઓને ટીશર્ટ પેટે રુ.૧૫૦૦૦ આપ્યા હતા.

# ભાવનગરની તમામ સરકારી શાળાના વિધાર્થીઓને પતંગ ફિરકી અને બિસ્કીટના પેકેટનું થશે વિતરણ



ધારાસભ્ય જીતુ વાઘાણી દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ સતત ૧૩માં વર્ષે ભવ્ય કાર્યક્રમો થશે : ૧.૨૫ લાખ પતંગ-ફિરકી અને ૨૦ હજાર બિસ્કીટના પેકેટ અપાશે

**તા. ૬ અને ૭ ભાવનગર પશ્ચિમની શાળાના વિધાર્થીઓને વિતરણ થશે : અગ્રણીઓ, શિક્ષણવિદોના હસ્તે વિતરણ કરાશે**

ગુજરાત છાયા, તા.૩

ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીના કાર્યાલય મંત્રીની યાદીમાં જણાવેલ છે આગામી મકરસંક્રાંતિના ઉજવણીના ભાગ રૂપે સતત ૧૩માં વર્ષે જીતુભાઈ વાઘાણી દ્વારા આ વખતે પણ દીકરા-દીકરીઓ મકરસંક્રાતિનું પર્વ ઉત્સાહપૂર્વક ઉજવી શકે તેવા ઉમદા હેતુથી આ વખતે પણ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગર પશ્ચિમની ૩૧ શાળાના વિધાર્થીઓ, પૂર્વની ૩૩ શાળામાં અભ્યાસ કરતાં તેમજ અનાથ અને દિવ્યાંગ વિધાર્થીઓ, વરતેજ ગામની બધી સરકારી શાળાઓ, ફૂલસર અને કુંભારવાડા સરકારી હાઈસ્કૂલ તેમજ અંધઉપયોગ શાળા, તાપીબાઈ વિકાસ ગૃહ અને પીપલ લિવિંગ વિથ એચ.આઈ.વી./એઇડ્સ સંસ્થા તથા શાળા કક્ષાએ એક વિધાર્થી દીઠ પાંચ પતંગ અને એક બિસ્કીટનું પેકેટ, અંદાજિત ૧,૨૫,૦૦૦ પતંગ સાથે ફીરકીઓ અને ૨૦,૦૦૦ બિસ્કીટના પેકેટો મોકલી આપવામાં આવેલ છે. પરંપરાગત રીતે દર વર્ષની જેમ આ વખતે પણ માન.ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી દરેક શાળાએ પ્રત્યક્ષ જઈ બાળકો અને વાલીઓની સાથે સવાંદ કરી નિયત કાર્યક્રમ મુજબ પતંગ વિતરણ કરવાના છે.

આ વખતે પણ વિધાર્થીઓને આગામી તાઃ-૦૬-૦૧-૨૦૨૫ અને ૦૭-૦૧-૨૦૨૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ભાવનગર પશ્ચિમની શાળામાં લોકપ્રતિનિધિઓ, શહેર-જીલ્લા સંગઠનના પદાધિકારીઓ, નગરસેવકઓ, વોર્ડ સંગઠનના પદાધિકારીઓ, સરકારના અધિકારીઓ, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન, ડે.ચેરમેન તથા સદસ્યઓ, શૈક્ષણીક સંસ્થાના અગ્રણીઓ, હીરાઉદ્યોગના અગ્રણીઓ, વિવિધ ક્ષેત્રોના સામાજિક અગ્રણીઓ, સાધુસંતો, ધાર્મિક સંસ્થાના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, પ્રેસમિડિયા અને પ્રિન્ટમીડિયા પ્રતિનિધિઓની વિશેષ ઉપસ્થિતિમાં પતંગો તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.